**BRAMPTON** **Media Release**

ત્વરિત જાહેરાત માટે

## બ્રેમ્પટનની કળા, સંસ્કૃતિ અને રચનાત્મક ઉદ્યોગ વિકાસ સંસ્થાએ સલાહકાર પેનલની ઘોષણા કરી

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (સપ્ટેમ્બર 9, 2021) – સીટી ઓફ બ્રેમ્પટનની કળા, સંસ્કૃતિ અને રચનાત્મક ઉદ્યોગ વિકાસ સંસ્થા (ACCIDA - કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી) સલાહકાર પેનલ સભ્યોની સ્થાપનાની ઘોષણા કરવામાં રોમાંચ અનુભવે છે, આ સભ્યો એજન્સીની વૃદ્ધિ અને વિકાસ કરવાના માર્ગદર્શનમાં અને એજન્સીના બ્રેમ્પટનમાં કળા અને સંસ્કૃતિ ક્ષેત્રને આગળ ધપાવવાના, જોડવાના અને હિમાયત કરવાના લક્ષ્યમાં મદદરૂપ થશે.

સંસ્થા માટે એક નોંધપાત્ર સીમાચિહ્નરૂપ, શરૂઆતની પેનલ સ્થાનિક કલાકારો અને સર્જકો, ધંધાકીય વ્યવસાયિકો અને ફેરફારકર્તાઓની બનેલી છે જેઓ બ્રેમ્પટનના કલાકારો માટે સાચા ચેમ્પિયન્સ બની રહેશે. છ સભ્યો જોડાશે નુવિ સિધુ (Nuvi Sidhu), પ્રારંભિક પ્રમુખ; પ્રાદેશિક કાઉન્સિલર રૉવિના સાન્ટોસ (Rowena Santos); અને માઈકલ વિકર્સ (Michael Vickers), સીનિયર પ્રોગ્રામ લીડ સાથે; ACCIDA ની મજબૂત શરૂઆત પર તેઓનો વિકાસ અને નિર્માણ ચાલુ રાખવા, બ્રેમ્પટનના કળા સમુદાયને સામૂહિક ટેકો તેઓની વૃદ્ધિ, સહાયતા અને ભાવિ સમૃદ્ધિ માટે.

પેનલ સભ્યો માટેનો કૉલ આ ઉનાળાની શરૂઆતમાં થયો હતો. અરજીઓની સમીક્ષા અને પસંદગી કાઉન્સિલના પ્રતિનિધિ એવા પ્રાદેશિક કાઉન્સિલર રૉવિના સાન્ટોસ (Rowena Santos), સીટી કર્મચારીગણ અને પેનલ પ્રમુખની બનેલી સમિતિ કરશે.

ACCIDA એક અજોડ સંસ્થા છે જેનું સેવન વૈવિધ્યસભર કાર્યક્રમો, સેવાઓ અને સંસાધનો મારફતે આ ક્ષેત્ર વિકસાવવા, ઉજવવા, હિમાયત કરવા અને જોડાણ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરનાર સીટી ઓફ બ્રેમ્પટન હેઠળ થઈ રહ્યું છે જે તેણે સમગ્ર 2021 દરમિયાન પહેલેથી આપવાનું શરૂ કર્યું છે. આમાં વર્કશોપ્સ, આર્ટિસ્ટ રાઉન્ડટેબલ્સ, પ્રદર્શનની તકો અને માર્ગદર્શન કાર્યક્રમોનો સમાવેશ થાય છે. કલા સમુદાયનો ચાલુ પ્રતિભાવ સમગ્ર શહેરમાં રચનાત્મક સ્થળ માટેની જરૂરિયાત સહિત, કાર્યક્રમો અને સહાયતા સેવાઓના માર્ગદર્શનમાં મદદરૂપ થશે.

એજન્સી બ્રેમ્પટનનો કલ્ચર માસ્ટર પ્લાન વિતરિત કરવા સીટી સાથે મળીને કામ કરશે, જે ગતિશીલ આર્ટ્સ સીન અને રચનાત્મક અર્થતંત્ર નિર્મિત કરવામાં એક નિર્ણાયક કડી છે. કળા સમુદાયની સલાહકારી પેનલને ચાલુ રહેતો પ્રતિભાવ કાર્યક્રમો અને સહાયતા સેવાઓના માર્ગદર્શનમાં મદદરૂપ થશે, જેમાં સમગ્ર શહેરમાં રચનાત્મક સ્થળ માટેની જરૂરિયાતને સંબોધવાનો સમાવેશ થાય છે.

### ACCIDA નાં શરૂઆતના સલાહકાર પેનલ સભ્યો

**હરમન ગ્રેવાલ (Harman Grewal)**
હરમન કળા, સંસ્કૃતિ અને નવીન શોધની આસપાસ સમુદાયોને ચેમ્પિયન બનાવવા અટલ કટિબદ્ધતા દેખાડીને રચનાત્મક ફેરફાર લાવનાર વ્યક્તિ છે. હરમને ઉભરતા દૃશ્યમાન ઉદ્યોગસાહસિકોએ વેઠવા પડતા પડકારો અને તમારી આસપાસ કલાકારોનો સમુદાય રાખવાનું મૂલ્ય સમજીને રચનાત્મક સાહસિક ઉદ્યમીઓની આગામી પેઢી માટે બ્રેમ્પટનના પહેલા સહ-સંચાલિત વિસ્તાર અને સામુદાયિક ઈનક્યુબેટર, Lab B (લૅબ બી.)ની સહિયારી સ્થાપના કરી. હરમન પોતાની કળા પ્રેક્ટિસ વિકસાવવા, પોતાની ટેકનિકલ આવડતો મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, કારકિર્દી ટકાવવાની તકો સર્જીને, અને પોતાનો શોધખોળનો પ્રવાસ આગળ લઈ જવા સતત પ્રયત્નશીલ રહે છે.

**માઈકલ હૉલ્સ (Michael Halls)**
કળા પ્રત્યે ઉત્સાહિત રહીને, માઈકલે પીલ કૉરલ સોસાયટી અને ધી બ્રેમ્પટન સીમ્ફોની ઑર્કેસ્ટ્રા, તેમજ બ્રેમ્પટન આર્ટ્સ કાઉન્સિલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સને સેવા આપી છે જ્યાં તેઓ 14 વર્ષ સુધી પ્રમુખ રહ્યાં હતા. પોતાની જીવનભરની જાહેર સેવા માટે, માઈકલને વર્ષ 2012 માં ક્વીન એલિઝાબેથ II (દ્વિતીય) ડાયમંડ જ્યુબિલી મૅડલ મળ્યો હતો. તેમનો લગાવ સંગીત પ્રત્યે રહે છે અને તેઓ 48 વર્ષથી ગાયકવૃન્દ માટે ગાયક રહ્યાં છે.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

**સુમિત જજ (Sumit Judge)**
લેખક, દિગ્દર્શક, અભિનેતા અને વકીલ, સુમિત બહુવિધ-ક્ષેત્રોમાં ખૂંપેલ કલાકાર છે. સુમિત હાલમાં પીપલ ઓફ ધી કમ્યુનિટી (POC) YouTube (યૂટ્યુબ) ચેનલ માટે લખે છે, નિર્માણ કરે છે અને તેમાં સહભાગી થાય છે, તેઓ અનૌપચારિક, સંબંધિત અને ક્યારેક હાસ્ય-પ્રમોદ વિષયો મારફતે માનસિક આરોગ્ય, આંતરપેઢીય આઘાત અને માનવ અધિકારોના અત્યાચારો જેવા દક્ષિણ એશિયાઇ સમુદાયમાં સંબંધિત મુદ્દાઓને સંબોધે છે. તેમની પ્રથમ ટૂંકી ફિલ્મ વિશાલ (Vishal), કેનેડામાં દક્ષિણ એશિયાઇ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીની સ્થિતિને સંબોધતી હતી અને તેને એર કેનેડા ફ્લાઇટ્સ, ઝી ટીવી યુ.એસ.એ. અને ઓન્ટેરિયોની આર્ટ ગૅલેરીમાં દર્શાવવામાં આવી હતી.

**વિજય કુમાર (Vijai Kumar)**
એક જાહેર નીતિ સંશોધક જેમણે ઇન્ડિજેનોમિક્સ ઇન્સ્ટિટ્યુટ, ધી એશિયા પૅસિફિક ફાઉન્ડેશન ઓફ કેનેડા અને ધી ઓર્ગેનાઇઝેશન ફૉર ઇકોનોમિક કો-ઓપરેશન અને ડેવલપમેન્ટ (OECD) સાથે સંશોધન પદો સંભાળ્યા છે. તેઓ સ્થાનિક આર્થિક વિકાસ અને સામુદાયિક મિલકત નિર્માણ માટે જોશીલા છે. વિજયે બ્રેમ્પટન 2040 વિઝન અને કલ્ચર માસ્ટર પ્લાનના વિકાસ દરમિયાન બ્રેમ્પટનના કલાકારોની હિમાયત કરી હતી, અને તેઓ સીટી ઓફ બ્રેમ્પટનમાં શોઝના ક્યુરેટર અને યજમાન રહ્યાં છે.

**જૈલ રિચાર્ડસન (Jael Richardson)**
CBC માટે પુસ્તક કટાર લેખક, *ધી સ્ટોન થ્રોઅર્સ*નાં લેખક, અને બ્રેમ્પટનમાં ફેસ્ટિવલ ઓફ લિટરરી ડાઇવર્સિટી (FOLD) માટે સ્થાપક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર રહી છે. તેણીની પ્રથમ નવલકથા, *ગટર ચાઇલ્ડ* જાન્યુઆરી 2021 માં હાર્પરકૉલિન્સ કેનેડા સાથે બેસ્ટસેલર બની અને તે એમેઝોન ફર્સ્ટ નોવેલ ઍવોર્ડ માટે શોર્ટલિસ્ટ થઇ હતી. રિચાર્ડસન ક્રિએટિવ રાઇટિંગમાં યુનિવર્સિટી ઓફ ગ્વેલ્ફની MFA પદવી ધરાવે છે.

**જસપ્રીત સંધુ (Jaspreet Sandhu)**
ધી કોર્પોરેશન ઓફ મૅસી હૉલ અને રોય થોમસન હૉલમાં હાલના ડેવલપમેન્ટ પ્રેસિડન્ટ તરીકે, જસપ્રીત ઉચ્ચ-પ્રભાવી નફો ન રળનારા સમુદાયો નિર્મિત કરવા, ધંધો, બજારીકરણ અને આગેવાનીમાં કુશળતાના અજોડ સંતુલનનો ઉપયોગ કરીને રચનાત્મક વિચારણા લાગુ કરનાર ફેરફારકર્તા છે. જસપ્રીતે આમૂલ (મૂળભૂત) પ્રક્રિયા અને સંસ્થાગત સાંસ્કૃતિક ફેરફારો જરૂરી હોય તેવા જટિલ પ્રોજેક્ટ્સ સમેટતી ટીમોની સફળતાપૂર્વક આગેવાની કરી છે. તેણી કલ્ચરલ સ્ટડીસ એન્ડ ક્રિટિકલ થીયરી BFA માં માસ્ટર્સ, ફિલ્મ પ્રોડક્શન એન્ડ સાઉથ એશિયન સ્ટડીસમાં BA ની પદવીઓ ધરાવે છે.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટનના વિકાસશીલ કળા ક્ષેત્રમાં કરાતા કાર્યને આગળ વધતું જોવા ACCIDA પેનલ સભ્યોની ઘોષણા થવી એ રોમાંચક બાબત છે. એજન્સીએ શરૂ કરેલા સંખ્યાબંધ કાર્યક્રમો અને પહેલો મારફતે આ વર્ષે કળા સમુદાય સાથે જોડાવા અમારી ટીમે અપવાદમય કામગીરી કરી છે. મને વિશ્વાસ છે કે આ નવા સભ્યો ભૂમિકામાં પોતાનું વ્યાપક સ્થાનિક જ્ઞાન અને વ્યવસાયી નિપુણતા લાવશે અને આપણાં કલાકારોને ખીલવામાં ખરેખર મદદરૂપ થશે."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

"ACCIDA ની પેનલની ઘોષણા કરવી એ આપણાં કળા સમુદાયને જરૂરી અતિઆવશ્યક સહાયતા અને સંસાધનો પૂરા પાડવામાં બીજુ એક ચડિયાતું પગલું છે. વૈવિધ્યસભર પશ્ચાદભૂ અને અનુભવોથી બનેલી પેનલ જોવી બહુ સરસ બાબત છે જે એજન્સીનું જ્ઞાન અને નેટવર્ક ખરેખર મજબૂત બનાવશે."

- *રોવિના સાન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર, વૉર્ડ્સ 1 અને 5; ઉપ-પ્રમુખ, કોર્પોરેટ સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન; કાઉન્સિલ પેનલના સભ્ય, આર્ટ્સ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઇન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી*

"બ્રેમ્પટનનો કળા, સંસ્કૃતિ અને રચનાત્મક ઉદ્યોગ આપણાં શહેરની ગતિશીલ રચના (વાઇબ્રન્ટ મોઝેઇક)નો અભિન્ન ભાગ છે અને પેનલની ઘોષણા જોવી તે એક અદભૂત સીમાચિહ્નરૂપ છે. પોતાની શરૂઆતથી, ACCIDA દ્વારા કળા સમુદાયને જોડવામાં અને સહાયતા કરવામાં

મોટી પ્રગતિ થઈ છે. આ નવા સભ્યો બ્રેમ્પટનમાં બહુ મજબૂત, વધારે જોડાયેલું રચનાત્મક કળા ક્ષેત્ર ચલિત કરવામાં મદદરૂપ થવા પોતાની વ્યાપક પશ્ચાદભૂ લાવશે."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

"ઉનાળામાં આશ્ચર્યજનક ઈન્ટરવ્યૂ પ્રક્રિયા પછી, અમે આર્ટ્સ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી માટે સલાહકાર પેનલમાં જોડાનાર કલાકારો અને વ્યવસાયિકોના પ્રભાવશાળી જૂથની ઘોષણા કરવામાં રાજી છીએ. હું ACCIDA સ્થાપિત કરવા નવી સલાહકાર પેનલ સાથે કામ કરવાનું શરૂ કરવામાં અને સમગ્ર બેમ્પટનમાં કલાકારોને પોતાનો અવાજ સંભળાવવામાં મદદરૂપ થવામાં રોમાંચ અનુભવું છું."

- *નુવિ સિધુ (Nuvi Sidhu), પ્રમુખ, આર્ટ્સ, કલ્ચર એન્ડ ક્રિએટિવ ઈન્ડસ્ટ્રી ડેવલપમેન્ટ એજન્સી (ACCIDA)*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook,, અને Instagram પર જોડાવ.અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca